કયામતના દિવસે, જે વ્યક્તિને સૌથી નાનો અઝાબ આપવામાં આવશે તે એ કે તેને આગના ચપ્પલ પહેરાવવામાં આવશે, જેનાથી તેનું દિમાગ ઉકળવા લાગશે, જે રીતે એક દેગચી ઊકળે છે, તે એવું સમજશે કે સૌથી મોટો અઝાબ તેને આપવામાં આવી રહ્યો છે, વાસ્તવમાં તે સૌથી નાનો અઝાબ હશે

નૌમાન બિન બશીર રઝી અલ્લાહુ અન્હુ (અલ્લાહ તેમનાથી રાજી થાય) રિવાયત કરે છે, તેઓએ કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «કયામતના દિવસે, જે વ્યક્તિને સૌથી
નાનો અઝાબ આપવામાં આવશે તે એ કે તેને આગના ચપ્પલ પહેરાવવામાં આવશે, જેનાથી તેનું
દિમાગ ઉકળવા લાગશે, જે રીતે એક દેગચી ઊકળે છે, તે એવું સમજશે કે સૌથી મોટો અઝાબ તેને આપવામાં આવી રહ્યો છે, વાસ્તવમાં તે સૌથી નાનો અઝાબ હશે». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જણાવ્યું કે કયામતના દિવસે જેને સૌથી નાનો અઝાબ આપવામાં આવશે તેને બે ચપ્પલ પહેરાવવામાં આવશે, જેના ગરમીના કારણે તેનું દિમાગ ઉકળવા લાગશે, જેવી રીતે એક તાંબાનું વાસણ ઊકળે છે, તેને લાગશે કે સૌથી મોટો અઝાબ ફક્ત તેને જ આપવામાં આવી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં તે સૌથી કઠિન અઝાબ હશે, જે શારીરિક અને આંતરિક બંને છે.

http://sunnah.global/hadeeth/gu/show/4220